# 2. આજની ઘડી રળિયામણી

તાસ-3

## કાવ્યનું મુખપાઠ :

(1) સખી, આજની ઘડી રળિયામણી;

--------------------------------

--------------------------------

મારા વહાલાજીના મંડપ રચાવીએ જી રે. સખી... ... ...

ઉત્તર : સખી, આજની ઘડી રળિયામણી;
મારો વહાલોજી આવ્યાની વધામણી જી રે. સખી... ... ...
સખી, આલાલીલા વાંસ વઢાવીએ;
મારા વહાલાજીના મંડપ રચાવીએ જી રે. સખી... ... ...

(2) તરિયાતોરણ બારે બંધાવીએ;

--------------------------------

--------------------------------

મારા વહાલાજીનાં ચરણ પખાળીએ જી રે. સખી... ... ...

ઉત્તર : તરિયાતોરણ બારે બંધાવીએ;
મોતીડે ચોક પુરાવીએ જી રે. સખી... ... ...
ગંગાજમનાનાં નીર મંગાવીએ;
મારા વહાલાજીનાં ચરણ પખાળીએ જી રે. સખી... ... ...

(3) સહુ સખીઓ મળીને આવીએ;

--------------------------------

--------------------------------

--------------------------------

--------------------------------

મહેતા નરસૈયાનો સ્વામી મેં દીઠડો જી રે. સખી... ... ...

ઉત્તર : સહુ સખીઓ મળીને આવીએ;
વહાલાજીનાં મંગળ ગવરાવીએ જી રે. સખી... ... ...
પૂરો પૂરો, સોહાગણ, સાથિયો;
ઘેર મલપતો આવે હરિ હાથિયો જી રે. સખી... ... ...
અતિ મીઠડા થકી થાય મીઠડો;
મહેતા નરસૈયાનો સ્વામી મેં દીઠડો જી રે. સખી... ... ...

## શબ્દસમજૂતી :

| | | |
|---|---|---|
| વહાલાજી | - | (અહીં) શ્રીકૃષ્ણ |
| આલુંલીલું | - | થોડું લીલું થોડું સૂકું, લીલુંસૂકું<br>(અહીં) ઉમદા પ્રકારનાં લીલા |
| તરિયાતોરણ | - | ત્રણ જાતનાં (આસોપાલવ, આંબો, નાળિયેર) પાનનું તોરણ, જેમાં સાથે કસબનાં તારનું (કપડાંનું) તોરણ પણ શોભા વધારવા માટે હોય છે. (અહીં) શોભાનાં તોરણ એ અર્થમાં |
| બાર | - | (અહીં) બારણું, દ્વાર, મંગળ<br>શુભ પ્રસંગે ગવાતું ગીત |
| સોહાગણ | - | સૌભાગ્યવતી, સધવા,<br>સૌભાગ્યવતી : જેનો પતિ હયાત હોય તેવી સ્ત્રી |
| મલપતું | - | ઉમંગમાં ઠાઠથી ધીમે ધીમે ચાલતું |
| રળિયામણું | - | સુંદર |
| ઘડી | - | ક્ષણ, પળ |
| ચોક પૂરવા | - | ચોકમાં સાથિયા પાડવા |
| હરિ હાથિયો | - | હાથીની જેમ મલપતી ચાલે આવતા શ્રીકૃષ્ણ |